PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/કવા–૦૩/૧૭–૧૮/ 591 તા. 08-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
દર્શન બેવરજીસ,
ગીરીરાજ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ત્રી મંદીર ની પાછળ,,
અમદાવાદ હાઈવે,,
માલીયાસણ પાસે,
રાજકોટ–૩૬૦૦૦૩
મો: ૯૭૮૪ ૪૧૨૦૧, ૯૬૮૭૮ ૨૧૨૦૧

**વિષય :–પાવર સપ્લાય બાબત**

સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૧૨–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૭/કવા–૦૩/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૫૭/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૭–૧૨–૧૭ | સ્થળ : રાજકોટ |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: દર્શન બેવરજીસ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે શ્રી દીલીપભાઈ બટુકભાઈ ડોબરીયા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : પાવર સપ્લાય બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ દર્શન બેવરજીસ નામનુ ૨૦૦ કેવીએ નુ એચ.ટી. જોડાણ છે. જેમા હાલ મા અતુલ ફીડર માથી પાવર સપ્લાય મળે છે. આ ફીડર મા દરરોજ ૨ થી ૩ વખત ટ્રીપીંગ આવે છે. અને ફીડર ચાલુ કરવામા સમય જાય છે. કયારેક વધારે સમય લાગે છે. આથી તેઓને નુકશાન જાય છે. આ અંગે તેઓ એક વર્ષ થી સતત રજુઆત કરેલ છે – પરંતુ કોઈ જ સુધારો થતો નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ૭તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર ગ્રાહક શ્રી દર્શન બેવરજીસ જોડાણ નં. ૨૮૫૭૩ દ્વારા પાવર સપ્લાય મા વારંવાર વિજવિક્ષેપ આવવા બાબતે જણાવવાનુ કે – સદર વીજ જોડાણ ને ૧૧ કેવી અતુલ જેજીવાય ફીડર માથી પાવર સપ્લાય પુરો પાડવામા આવે છે. સદર ફીડર ની કુલ લંબાઈ ૨૯.૩૫ કીમી, કુલ ૪૫ ટ્રાન્સફોર્મર અને ૦૩ ગામો જોડાયેલ છે. માહે જુન થી માહે ઓકટોબર સુધી ના સમયગાળા દરમ્યાન ચોમાસુ હોવાના કારણોસર વિજવિક્ષેપ ની સંખ્યામા વધારો જોવા મળે છે. ત્યારબાદ, માહે નવેમ્બર –૧૭ (૧૯) અને ડિસેમ્બર– ૧૭ મા ૧૨ – વિજવિક્ષેપ ની સંખ્યા જોવા મળે છે. સદર ફીડર મા વીજ સમારકામ ની કામગીરી સમયાંતરે કરવાની ચાલુ છે. જેનુ સંપુર્ણ વીજ સમારકામ માહે જાન્યુઆરી–૨૦૧૮ ના અંત સુધી મા પૂર્ણ કરવામા આવશે. આમ, સદર અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરી આપવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – માહે જુન–૧૭ થી માહે ઓકટોબર–૧૭ નવેમ્બર સુધીના સમયગાળા દરમ્યાન ચોમાસુ હોવાના કારણોસર – વીજ વિક્ષેપ ની સંખ્યા વધુ આવેલ. જે અન્વયે – પીજીવીસીએલ દ્વારા જરૂરી વીજ સમારકામ ની કામગીરી કરવામા આવેલ – સદર ફીડર ની સંપૂર્ણ કામગીરી માહે જાન્યુઆરી–૨૦૧૮ ના અંત સુધી મા પૂર્ણ કરવામા આવશે. આમ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરી આપવામા આવશે. સદર કામગીરી પૂર્ણ થયે – અરજદાર તેમજ અત્રે ના ફોરમ ની જાણકારી આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને |

| | |
|---|---|
| | આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.-૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ દ્વારા સદર ફીડર ની સંપૂર્ણ વીજ સમારકામ ની કામગીરી માહે જાન્યુઆરી–૨૦૧૮ ના અંત સુધી મા પૂર્ણ કરી – તે રીતે અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરી અને તે બાબત ની જાણકારી અરજદાર તેમજ અત્રે ના ફોરમ ને આપવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક.આયોગની કચેરી, બ્લોક નં ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.